**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૫/૭/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૩૫૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૧૬૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૮૬૪ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૪૧૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૧,૯૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૩૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૯/૧૫**

**રામોલઃ** મિત્તલબહેન વિનોદભાઈ ગોખલે (ઉ.વ.૧૭) (રહે.દુર્ગાનગર રાજેન્દ્રપાર્ક પાસે વસ્ત્રાલ) ને તા.૪/૭/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી સચીનભાઈ મનોજભાઈ પંચાલ ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મિત્તલબહેનના પિતા વિનોદભાઈ ગોખલેએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ પી વસુનીયા ચલાવે છે

**સરદારનગરઃ** ધર્મીબહેન ધનાભાઈ પરમાર (ઉ.વ.૧૭) (રહે.રમેશદત્ત કોલોની ભીલવાસ સરદારનગર) ને તા.૮/૬/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કિશન ધનાજી મારવાડી (રહે. શિવશક્તિનગરના છાપરાં ભીલવાસ સરદારનગર) લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ધર્મીબહેનના ભાઈ રવિ પરમારે તા.૪/૭/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે કે પટેલ ચલાવે છે

**માધવપુરાઃ** કાજલબહેન કિશનભાઈ દંતાણી (ઉ.વ.૧૬) (રહે.અમથાજીની ચાલી શક્તિનગર સામે દુધેશ્વર રોડ) ને તા.૨૭/૬/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી રાજેશ ઉર્ફે લલ્લો રતીલાલ દંતાણી ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કાજલબહેનના પિતા કિશનભાઈ દંતાણીએ તા.૪/૭/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ બી ખિલેરી ચલાવે છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૦/૧૫**

**કૃષ્ણનગરઃ** મનસુખભાઈ ગોવરધનભાઈ કડીયા (રહે.ગુરૂકૃપા એપાર્ટમેન્ટ નિકોલ રોડ નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૭/૧૫ બપોરનાં ૩/૦૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીનુ તાળુ તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૯,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એ.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૬૧/૧૫**

**માધવપુરાઃ** લક્ષ્મીબહેન મોહનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૨)(રહે.બારડોલપુરા રામજી મંદિર પાસે દરીયાપુર દરવાજા બહાર) એ બિમારીથી કંટાળી તા.૨૯/૬/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સ્ટર્લીંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યા સારવાર દરમ્યાન કલાક ૧૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ઈદગાહ પોલીસ ચોકી ઈન્ચાર્જ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)